
# માહિતી અધિકારનો કાયદો ૨૦૦૫ ની કલમ ૪ (૧) અન્વયે નેટવર્ક ઉપર રજુ કરવાની થતી માહિતી.

વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરની કચેરી વ્યવસ્થાસ્થાતંત્ર, કાર્યો, ફરજોની વિગત.

આ કચેરી વિકલાંગ વ્યક્તિઓના ( સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો – ૧૯૯૫ ની કલમ ૬૦ અન્વયે અસ્તિત્વમાં આવેલ છે.




## કાર્યો

આ કચેરીનો સમય ગુજરાત સરકાર દ્વારા નિયત થયેલ કચેરી કાર્ય સમય ૧૦.૩૦ કલાકથી સાંજે ૬.૧૦ કલાક સુધીનો છે અને ગુજરાત સરકાર દ્વારા જાહેર થયેલ રજાના દિવસોએ કચેરી બંઢ રહે છે, આ કચેરીને અન્ય કોઇ જિલ્લા કે તાબાની કચેરીઓના નથી આ કચેરી નીચેના કાર્યો કરે છે.

(એ) વિકલાંગ વ્યક્તિઓના લાભાર્થે ચાલતા કાર્યક્રમો અને યોજનાઓ માટે રાજ્ય સરકારના ખાતાઓ વચ્ચે સંકલન કરશે.

(બી) રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ ભંડોળના ઉપયોગનું નિયંત્રણ કરશે.

(સી) વિકલાંગ વ્યક્તિઓ માટે ઉપલબ્ધ સવલતો અને અધિકારોનું રક્ષણ કરવા પગલા ભરશે.

(ડી) સરકાર નિયત કરે એ સમયાંતરે આ ધારાના અમલીકરણ પરત્વે રાજ્ય સરકારને અહેવાલ મોકવામાં આવે છે અને તેની નકલ મુખ્ય કમિશ્નરને મોકલાશે.

(ઇ) કમિશનર સ્વેચ્છાએ કે અન્યાય પામેલી વ્યકિતની અરજીના આધારે કે અન્ય રીતે નીચેની બાબતો સંબંધીત ફરીયાદોની તપાસ કરશેઃ-

(૧) વિકલાંગ વ્યકિતના અધિકારનો ભંગ.

(૨) કાયદાઓ, ઉપનિયમો, ધારા ધોરણો, કારોબારી હુકમો, નિદેશો કે સુચનાઓ જે તે સરકાર કે સ્થાનિક સત્તા મંડળો ધ્વારા વિકલાંગ વ્યકિતઓના કલ્યાણ અને અધિકારોના રક્ષણ માટે ઘડાયા હોય કે જાહેર થયા હોય તેના અમલીકરણનો અભાવ અને જે તે સત્તા મંડળ પાસે તેની રજૂઆત.

ફરજોઃ-

વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રી રાજય સરકાર ધ્વારા નિયત થયેલ સ્વરૂપો અને સમયે પ્રત્યેક નાણાંકિય વર્ષે દરમ્યાન તેમની પ્રવૃત્તિઓનું વિવરણ કરતો વાર્ષિક અહેવાલ તૈયાર કરશે અને તેની એક નકલ રાજય સરકારને મોકલશે. વિકલાંગ વ્યકિતઓના હકકોના ભંગ સંબંધેની ફરીયાદો સાંભળી તેનો યોગ્ય નિકાલ કરશે તથા સરકારના વિવિધ વિભાગોના સંકલનમાં વિકલાંગના હિત માટેની કાર્યવાહી કરશે.

સત્તાઓઃ-

(૧) વિકલાંગ (સમાનતકો, અધિકારોનુ રક્ષણ અને પુર્ણ ભાગીદારી) ધારો- ૧૯૯૫ હેઠળના કાર્યોના બજાવણીના હેતુ માટેના નીચેની બાબતે સંબંધિત ખટલો ચલાવતી વખતે સિવિલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ હેઠળ અદાલતને મળે છે. તેવી સત્તઓ ધરાવશે જેવી કેઃ

(એ) સાક્ષીઓને હાજર રાખવા, સમન્સ કાઢવા.

(બી) કોઇ પણ અદાલતી કે કચેરીમાંથી જાહેર દફતર કે સંબંધિત નકલ મેળવવા.

(ડી) સોગંધનામાઓ પર પુરાવો મેળવવો અને.

(ઇ) સાક્ષીઓ કે દસ્તાવેજોના પરિક્ષણ માટે તપાસ નિમવી.

(૨) કમિશનર પાસેની દરેક કાર્યવાહી ભારતીય દંડ સહિતાના (૧૮૬૦નું ૪૫) વિભાગ હેઠળ ૧૯૩ અને ૨૨૮ના અર્થમાં રહીને અદાલતી કાર્યવાહી કરવાની રહેશે. અને કમિશનર સમક્ષ સત્ત મંડળ ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩નો ફોજદારી ધારો વિભાગ - ૧૯૫ અને પ્રકરણ ૨૬ના હેતુઓ માટે સિવિલ (મુલ્કી) અદાલત તરીકે ગણવામાં આવશે.